ક્રમાંક: ક-૪/આરટીઇ/૨૦૨૦-૨૧/૧૯૫૬૪-૯૧૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
કારેલીબાગ, વડોદરા
તા. ૦૮/૦૯/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ ખાનગી પ્રાથમિક શાળા,
વડોદરા કોર્પોરેશન, વડોદરા

વિષય: RTE વર્ષ ૨૦૨૦-૨૧ માટે પ્રથમ રાઉન્ડનાં પ્રવેશ ફાળવણી બાબત
સંદર્ભ: પ્રા.શિ.નિ.શ્રીની કચેરી, ગાંધીનગરના પત્રાંક: પ્રાશિનિ/RTE/૨૦૨૦/૨૯૮૯-૩૦૪૩, તા. ૦૮/૦૯/૨૦૨૦ અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, RTE અંતર્ગત પ્રવેશ વર્ષ ૨૦૨૦-૨૧માટે પ્રથમ રાઉન્ડની પ્રવેશ ફાળવણી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા સંભવત તા. ૧૧/૦૯/૨૦૨૦ નાં રોજ ઓનલાઈન ફાળવવામાં આવનાર છે. જે શાળાઓમાં બાળકોને પ્રવેશ ફાળવવામાં આવે તેવી શાળાઓએ RTE હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને શાળા દ્વારા પ્રવેશ આપવાની કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. ઓનલાઈન ફાળવેલ પ્રવેશની પ્રક્રિયા અંતર્ગત શાળા ખાતે પ્રવેશ નિયત કરાવવાની કામગીરી સરળતાથી પૂર્ણ થાય તે માટે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

- જે બાળકોને ઓનલાઈન પ્રવેશ મળશે તેની જાણ વાલીઓને SMS થી થશે. વાલીઓએ એપ્લીકેશન નંબર તથા બાળકની જન્મ તારીખ દ્વારા http://rte.orpgujarat.com વેબસાઈટ ઉપરથી પ્રવેશપત્ર (ADMIT CARD)ની પ્રિન્ટ મેળવી જરૂરી અસલ આધારો સાથે સમયમર્યાદામાં ફાળવેલ શાળામાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે તે બાબતની જાણ શાળાનાં નોટીસ બોર્ડ પર પ્રસાર કરવાની રહેશે.
- શાળા દ્વારા સૌપ્રથમ http://rte.orpgujarat.com વેબપોર્ટલ પર શાળાના ડાયસકોડ અને પાસવર્ડ દ્વારા લોગીન થવાનું રહેશે. જે શાળાનો પાસવર્ડ ભૂલાય ગયેલ હોય અને લોગીન ન થી શકતા હોય તેવી તમામ શાળાઓએ તાત્કાલિક જીલ્લાના નીચે આપેલ સંપર્ક નંબર પર ફોન કરી પાસવર્ડ રીસેટ કરાવવાનો રહેશે.
- શાળાના ઓનલાઈન પોર્ટલ પર ડેશબોર્ડમાં ફાળવવામાં આવેલ વિદ્યાર્થીઓનું લીસ્ટ જોઈએ શકાશે, જેમાં વિદ્યાર્થીના વાલીનો મોબાઈલ નંબર આપવામાં આવેલ હશે, જેના પરથી દરેક વાલીને જાણ કરી સમયમર્યાદામાં ઓરીજીનલ ડોક્યુમેન્ટ્સ સાથે શાળા સમય દરમિયાન શાળાએ આવી પ્રવેશ મેળવી લેવા અંગેની જાણ ફરજિયાત કરવાની રહેશે. જો કોઇ વાલીનો સંપર્ક ન થઈ શકતો હોય તો, તેના ઘરના સરનામાં પર પત્ર દ્વારા કે શક્ય હોય તો રૂબરૂ મુલાકાત દ્વારા પ્રવેશ અંગેની જાણ કરવાની રહેશે.
- સબંધિત શાળાએ વિદ્યાર્થી/વાલી પ્રવેશપત્ર એટલે કે, ADMIT CARD લઈને આવે ત્યારે પોતાના લોગીનમાં જઈ જે તે શાળામાં ફાળવેલ બાળકના નામ સામે ક્લિક કરી ભરેલ માહિતી તેમજ ઓનલાઈન અપલોડ કરેલ દસ્તાવેજો સાથે તમામ અસલ આધારો તેમજ અન્ય જરૂરી આધારોની

Scanned with CamScanner

ચકાસણી કરી, વેરીફાય થાય ત્યાર બાદ જ પોર્ટલ પર ADMIT બટન પર ક્લિક કરી પ્રવેશ નિયત કરવાનો રહેશે. ત્યારબાદ સંસ્થા તેમજ વાલી માટે પ્રવેશ અંગેની રીસીપ્ટ જનરેટની ટેબ પરથી પ્રિન્ટ મેળવી વાલીને અચૂક આપવાની રહેશે. તેમજ તેની એક નકલ શાળા કક્ષાએ રાખવાની રહેશે.

- શાળાએ પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ વેરીફીકેશન દરમિયાન પ્રવેશ સબંધિત દસ્તાવેજો અંગે કોઈ શંકા/વિસંગતતા જણાય તો તાત્કાલિક અત્રેની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.
- ચાલુ વર્ષે સમગ્ર પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન હોય શાળા કક્ષાએ ઓનલાઈન ડોક્યુમેન્ટ્સ અપલોડ કરવાની કામગીરી રહેશે નહિ. માત્ર ઓનલાઈન અપલોડ કરેલ ડોક્યુમેન્ટ્સનું ઓરીજનલ ડોક્યુમેન્ટ્સ સાથે વેરીફીકેશન કરવાનું રહેશે. તથા જરૂરી અન્ય આધાર પુરાવા વાલી દ્વારા આપવામાં આવે તે શાળા કક્ષાએ જમાં લેવાના રહેશે.
- જે તે શાળા દ્વારા પ્રથમ રાઉન્ડ તા. ૧૧/૦૯/૨૦૨૦ નાં રોજ જાહેર થયા બાદ તા. ૧૮/૦૯/૨૦૨૦ સુધી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ નિયત કરવાની કાર્યવાહી અચૂક પૂર્ણ કરવાની રહેશે. ઉક્ત સમયમર્યાદામાં વિદ્યાર્થીઓએ શાળામાં પ્રવેશ મેળવેલ હોય પણ શાળાએ ADMIT બટન પર ક્લિક કરી પ્રવેશ નિયત કરવા અંગેની કાર્યવાહી નહિ કરી હોય તો તે જગ્યા ખાલી છે એમ સમજી પછીના રાઉન્ડમાં એ જ જગ્યા માટે અન્ય વિદ્યાર્થીને પ્રવેશ ફાળવવામાં આવશે એટલે કે એક સીટ પર બે પ્રવેશ થશે તેની તમામ જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે. આથી, આવી પરિસ્થિતિ ઉભી ન થાય તે માટે શાળા દ્વારા પૂરતી કાળજી રાખી ADMIT ની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. જો કોઈએ કારણોસર શાળા દ્વારા ADMIT ની પ્રક્રિયા પૂર્ણ કરવાની બાકી રહેશે અને કોઈ પણ વિદ્યાર્થી પ્રવેશથી વંચિત રહેશે તેની તમામ જવાબદારી જે તે શાળાનાં આચાર્યશ્રીની રહેશે.
- જો કોઈ વિદ્યાર્થી/વાલીને RTE અંતર્ગત ફાળવેલ શાળા પસંદ ન હોય તો તેવા વાલી પાસેથી RTE નો હક જતો કરવા માટેની સંમતિ મેળવી લેવાની રહેશે. જેથી ભવિષ્યમાં આ બાબતે કોઈએ પ્રશ્ન ઉપસ્થિત ન થાય.
- દરેક શાળાએ આર.ટી.ઈ. અંતર્ગત અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું મેન્યુઅલ રજીસ્ટર પણ નિભાવવાનું રહેશે. જેમાં RTE માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓની સમગ્ર માહિતી સહેલાઈથી મળી જાય તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે. આ રજીસ્ટરમાં વિદ્યાર્થીને શાળામાં એડમિશન મળી ત્યારે અને શાળા છોડી અન્ય શાળા કે અન્ય જીલ્લામાં ટ્રાન્સફર થાય તેની તમામ નોધ કરવાની રહેશે.
- સબંધિત શાળાઓએ શાળામાં જવાબદાર કર્મચારીને આ કામગીરી સોપી શાળા સમય દરમિયાન શાળા ખાતે RTE હેઠળ પ્રવેશ મેળવવા આવનાર વિદ્યાર્થીઓની પ્રવેશ નિયત કરવાની કાર્યવાહી નિયત સમયમાર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. દરેક શાળાએ RTE હેઠળ પ્રવેશ લેવા આવનાર વિદ્યાર્થી/વાલી જોઈ શકે તે રીતે શાળાના નોટીસ બોર્ડ પર શાળાનો સમય, પ્રવેશની કામગીરી સંભાળતા કર્મચારીનું નામ અને સંપર્ક નંબર ફરજીયાત મુકવાનો રહેશે.
- RTE હેઠળ ફાળવેલ વિદ્યાર્થી કે તેમના વાલી પાસેથી કોઈપણ પ્રકારની ફી વસુલ કરવાની રહેશે નહિ. તેમજ RTE હેઠળ પ્રવેશની જોગવાઈ મુજબ કોઈપણ શાળા (લઘુમતી શાળાઓ સિવાય) પ્રવેશ માટે ના પાડી શકાશે નહિ.
- ચાલુ વર્ષે RTE હેઠળ પ્રવેશ મેળવેલ કોઈ બાળક ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં ધો. ૧ કે ૨ માં પ્રવેશ મેળવેલ શાળા કે અન્ય શાળામાં અભ્યાસ કરતુ હોય તેવા વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવાનો રહેશે અને તેની જાણ અત્રેની કચેરીમાં કરવાની રહેશે.

Scanned with CamScanner

- ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ RTE પ્રવેશ પ્રક્રિયા મોડી શરૂ થયેલ હોય, કોઈ બાળકે સરકારી કે અન્ય ખાનગી શાળામાં જુન-૨૦૨૦ કે તે પછી ધો. ૧ મા પ્રવેશ મેળવેલ હોય તેવા બાળકના વાલીને RTE અંતર્ગત ધોરણ-૧ની પ્રવેશ વાળી શાળામાં જૂની શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (L.C) ફરજીયાત જમા કરાવવાનું રહેશે. અને આવા બાળકનો આધાર ડાયસ નંબર જનરેટ થઈ ગયેલ હોય તો, આધાર ડાયસ પોર્ટલમાં તે નંબરનું શાળાએ ટ્રેકિંગ કરી વેરીફીકેશન કરવાનું રહેશે.
- RTE હેઠળ પ્રવેશ પ્રક્રિયા વખતે કોરોનાની મહામારીની સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારશ્રીની ગાઈડલાઈનનો ચુસ્તપણે અમલ થાય તેનું સંપૂર્ણ ધ્યાન રાખવાનું રહેશે.

ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લઈ શાળા કક્ષાએ બિનચૂક સમયસર ઓનલાઈન એડમીશન કાર્યવાહી હાથ ધરવાની રહેશે. પ્રવેશ કાર્યવાહી સુચારૂ બને તે માટે જિલ્લા કક્ષાએથી ઝૂમ મીટીંગનાં માધ્યમથી તબક્કાવાર સામેલ પત્રક મુજબ તમામ ખાનગી પ્રાથમિક શાળાના આચાર્યશ્રીએ નિયત સમયે ફરજીયાત ઓનલાઈન હાજર રહેવાનું રહેશે. જે શાળાઓ ઓનલાઈન મીટીંગમાં હાજર નહિ રહે તેની નોધ લેવામાં આવશે. વિડિયો કોન્ફરન્સમાં જોઈન થવા અંગેની લીંક અને પાસવર્ડ તમામને SVS વ્હોટ્સઅપ ગ્રુપમાં મોકલી આપવામાં આવશે.

સંપર્ક નંબર - ૧) શિવાંગીબેન શાસ્ત્રી, મો. ૯૪૦૯૧૬૩૮૬૦
૨) હાર્દિક લિમ્બાચીયા, મો. ૮૭૩૫૯૮૯૭૩૪

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

Scanned with CamScanner